# વાવોલના જે શખ્સ પર પોલીસને શંકા હતી તે પણ સિરિયલ કિલર ન નીકળ્યો..!

**બે જિલ્લાની ૧૦૦થી વધુ પોલીસ એક સીરીયલ કિલરની પાછળ લાગી ગઈ છે પરંતુ શાતિર કિલર પોલીસને હાથ લાગતો નથી : ૬ શકમંદોની પૂછપરછ ચાલુ**

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર જિલ્લામાં ફફડાટ ફેલાવી દેનાર સિરિયલ કિલરે અત્યાર સુધી માથે ગોળી મારીને ત્રણ હત્યાઓ કરી નાખી છે. પોલીસને એવી શંકા છે કે આ કિલર વ્યંઢળ છે. ગાંધીનગર જિલ્લાની એલસીબી એસઓજી તથા સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ ઉપરાંત અડાલજ પોલીસ સહિતની વિવિધ ટીમો આ કિલરને શોધવા ૨૬મી જાન્યુઆરીના દિવસથી મથી રહી છે. ગાંધીનગર તો ઠીક અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને એટીએસની ટીમો પણ આ કિલરને શોધવામાં દિવસ રાત એક કરીને દોડી રહી છે. સૌથી વધુ માસ્ટરમાઈન્ડ પોલીસ અધિકારી-કર્મચારીઓને ટીમો આ એક સીરીયલ કિલરની પાછળ લાગી ગઈ છે પરંતુ આ શાતિર કિલર પોલીસને હાથ લાગતો નથી. વાવોલ ગામમાં રહેતો એક શખ્સ આ કિલર હોવાની પોલીસની થિયરી પણ ઉંડી તપાસને અંતે ખોટી પડી હોવાનું જાણવા મળ્યું છે. અલગ અલગ વિસ્તારના ૬ શકમંદોની હાલ પોલીસ ઈન્ટ્રોગેશન કરી રહી છે. જોકે હજુ સુધી સુધી કિલર સુધી પહોંચવા માટે પોલીસને સફળતા મળી નથી.

સીરીયલ કિલર દ્વારા કરવામાં આવેલા ત્રીજા મર્ડર બાદ પોલીસ સફાળી જાગી અને આ એક જ હત્યારો હોવાનું માનીને તેને શોધી કાઢવા પોલીસે કવાયત શરૂ કરી. ગુનાની ગંભીરતાને ધ્યાને લઈને ગાંધીનગર જિલ્લાની અલગ અલગ ટીમો ઉપરાંત અમદાવાદની પણ ટીમો આ ગુનાના ડિટેક્શન માટે દોડતી થઈ ગઈ છે. સીસીટીવી કેમેરાના સ્ક્રુટિની ઉપરાંત ટાવર લોકેશન સ્ક્રુટિની પણ કરી દેવામાં આવ્યા પરંતુ અત્યાર સુધી પહોંચવાના કોઈ જ નક્કર કડી મળી શકતી નથી. પોલીસે અત્યાર સુધી દોઢ સોથી વધુ શકમંદોના ઈન્ટ્રોગેશન કર્યા પરંતુ કાંઈ હાથ લાગ્યું નથી.. આખરે એક સીસીટીવી કેમેરાના ફૂટેજ પોલીસને હાથ આવ્યા જે શેરથા રોડ પરના એક ટી સ્ટોલના ફૂટેજ છે. પોલીસે તેનો અભ્યાસ કર્યો ત્યારે ખબર પડી કે રાની નામનો વ્યંઢળ આ સીસીટીવી કેમેરાનાં ફુટેજમાં છે. પોલીસ જે રાની નામના વ્યંઢળ પર શંકા કરી રહી છે તે કિલર હોઈ શકે તેવી માત્ર શંકા પોલીસને છે. આ તપાસ કરતા કરતા પોલીસને વાવોલ ગામના એક ફલેટનાં યુવક પર શંકા ગઈ હતી જો કે મળી રહેલી માહિતી મુજબ તે શકમંદ પાલનપુર પાસેથી પકડાયો પરંતુ તેના ઈન્ટ્રોગેશનમાં પણ કાંઈ મળ્યું ન હોવાનું જાણવા મળી રહ્યું છે. બે જિલ્લાની પોલીસને છેલ્લા બે મહિનાથી આવી રહેલો આ સીરીયલ કિલર કોણ છે તે હજુ પણ પોલીસની તપાસમાં સ્પષ્ટ થઈ શક્યું નથી. હાલ દહેગામ સહિતના આસપાસના વિસ્તારોમાંથી છ શખ્સોને પોલીસે ઉઠાવ્યા છે અને તેની ઈન્ટ્રોગેશન ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે.

# મિત્રએ ખેડૂતને દારૂ પીવડાવીને તેની કરોડોની જમીનનો બાનાખત કરાવી નાખ્યો!!

**બાઈકના લોન પેપરમાં સાક્ષી તરીકે સહી કરવાનું કહીને દગાબાજ મિત્રએ સરગાસણના ખેડૂતની કરોડોની જમીનનો બાનાખત કરાવી નાખ્યો હોવાની પોલીસ ફરિયાદ**

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરમાં જમીનના ભાવો વધતા ભૂમાફિયાઓ અને ચિટરોનો આતંક વધી ગયો છે ત્યારે આજે નોંધાયેલી એક પોલીસ ફરિયાદ 'મિત્રતા' શબ્દ ઉપર કાળી ટીલ્લી કરી ગઈ છે. ગાંધીનગરને અડીને આવેલા સરગાસણ ગામના એક ખેડૂતને તેના જ એક મિત્રએ દારૂ પીવડાવીને તેની કરોડોની જમીન પચાવી પાડવાનો કારસો રચ્યો હોવાની વિગત ધ્યાને આવી છે. બાઈક ખરીદવું હોવાથી બાઈક ના લોન પેપર ઉપર સાક્ષી તરીકે સહી કરવાનું કહીને દગાબાજ મિત્રએ સરગાસણ ગામના આ ખેડૂતની કરોડોની જમીનના બાનાખત માટેનાં કાગળ ઉપર સહીઓ કરાવી લીધી હોવાનું ધ્યાને આવતા આ ખેડૂતે સેકટર-૭

● અનુસંધાન પાના ૭ પર



ભારતીય જનતા પક્ષ દ્વારા લોકસભા ચૂંટણી અભિયાનના ભાગરૂપે અમલમાં મુકેલ વિસ્તારક યોજના અંતર્ગત આજે સે. ૨૭ ખાતે જાગૃતિબેન પંડ્યાની ઉપસ્થિતિમાં જનસંપર્ક અભિયાનનો વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જે પ્રસંગે ભાજપના અગ્રણીઓ કનુભાઈ દેસાઈ, ઉમેશભાઈ જહા, બરખાબેન જહા, ભાવનાબેન ભટ્ટ, મણિબેન સહિતના આગેવાનો જોડાયા હતા તે પ્રસંગની તસવીર.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**આ લોકોને લોહી પીવા પર પ્રતિબંધ મુકવાની જગ્યાએ પાણીથી કામ ચલાવ્યું...!!**

# સંસ્કૃતિ કૂંજમાં હસ્તકલાના બેનમૂન નમૂનાનું વેચાણ : મુલાકાતીઓમાં આકર્ષણ

ગાંધીનગર, તા. ૨૩

સંસ્કૃતિકુંજના આંગણે ભારતના અલગ-અલગ પ્રદેશની કલા અને સંસ્કૃતિના બેનમૂન નમૂના જોવા મળી રહ્યા છે. નવી નવી હેન્ડમેઈડ ચીજવસ્તુઓ સૌના આકર્ષણનું કેન્દ્ર બની છે. જેમાં ખાસ નારીયેળના છાલથી બનાવેલ વિવિધ પ્રાણીઓ, પક્ષીઓનો માળો, ઈકો ફ્રેન્ડલી ગણેશ, રાજસ્થાન જોધપુરના મીનાકારી, કુંદન જ્વેલરી, બામ્બુ અને કેનથી બનેલ ફલાવર, કાનની બુટ્ટી-વીંટી, બુટ્ટી જેવી જ્યુટ કંતાનના હેન્ડવર્કના પર્સ, કચ્છની બ્લોક પ્રીન્ટી વસ્તુ અને શેરપાથી બનેલી ટેરાકોટાની વિવિધ વસ્તુઓ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બની રહી છે.



ઓડીસાથી આવેલ શાહુબેન નારીયેળની છાલમાંથી વિવિધ પ્રાણીઓ, પક્ષીઓનો માળો તથા વિવિધ આકર્ષક વસ્તુઓ તેમના હાથેથી બનાવે છે.



રાજસ્થાન જોધપુરથી આવેલ જીતેન્દ્ર અને રાજેન્દ્ર શર્માએ જેમ્સ સોન, કુંદન, મોતી અને મીનાકારી જ્વેલરી બનાવે છે અને તેમના કહેવા પ્રમાણે તેઓ પાછલા સાતેક વર્ષથી અહી આવે છે.



બામ્બુ અને કેન દ્વારા કાનની બુટ્ટી, બંગડી, વીંટી જેવી ચીજવસ્તુઓ સાથે નાઈટલેમ્પ, જગ, ટેબલ લેમ્બ, ડાઈનિંગ ટેબલ મેટ, આસામથી આવેલા સુરેશચંદ્ર દાસ બનાવે છે.



શેરથાથી આવતા કારીગરો દ્વારા ટેરાકોટાની આઈટ્મ જેવી કે રાજસ્થાની પુતળા, ફલાવર પોટ, હાથી સ્ટેન્ડ, વીલચેન, લાલટેન હેન્ડમેઈડ બનાવવામાં આવે છે. લગભગ ૫૦ થી ૬૦ વસ્તુઓ અહીં છેલ્લા ૧૫ વર્ષોથી સંસ્કૃતિકુંજમાં વેચાણ કરે છે.

# લગ્ન પ્રસંગમાં ચાલતી સંગીત સંધ્યા દરમિયાન ગઠિયો લેડીઝ પર્સ ઉઠાવી ગયો

ગાંધીનગર નજીક કોબા-ઈન્દીરાબ્રિજ હાઈવે પર આવેલા ભાટ ગામની સીમમાં કાનન પાર્ટી પ્લોટમાં ચાલી રહેલા લગ્ન પ્રસંગ દરમિયાન ગઠિયાઓ ઘુસી ગયા હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. કાનન પાર્ટી પ્લોટમાં લગ્ન પ્રસંગ ચાલી રહ્યો હતો તે દરમિયાન ખુરશી ઉપર મૂકેલા એક લેડીઝ પર્સને ટાર્ગેટ કરીને કોઈ ગઠિયાએ સૌની નજર ચૂકવીને આ પર્સ ઉઠાવી લીધું હતું અને તે ત્યાંથી રફુચક્કર થઈ ગયો હતો. પર્સમાં ત્રણ મોબાઈલ મુકેલા હોવાનું પર્સ માલિકનું કહેવું છે. અડાલજ પોલીસ મથકમાં આ મામલે ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે.

ગાંધીનગરમાં ભાટ પાસે આવેલા પાર્ટીપ્લોટમાં લગ્નના સંગીત કાર્યક્રમમાં પર્સ ચોરીની ઘટના બની હતી. અમદાવાદ ખાતે રહેતા રાહુલ પવનકુમાર જયસ્વાલ અમદાવાદની એક ખાનગી કંપનીમાં નોકરી કરે છે. સોમવારે ૧૮ ફેબ્રુઆરીના રોજ મામાની દીકરીના લગ્ન પ્રસંગે સંગીત સંધ્યાનો કાર્યક્રમ હોવાથી ભાટ ખાતે મધર ડેરી પાસે આવેલા કાનન પાર્ટીપ્લોટમાં તેઓ પરિવાર સાથે આવ્યા હતા. રાત્રે સાડા દશ વાગ્યાના અરસામાં તેઓ તેમની પત્ની સાથે સ્ટેજ પર ગયા હતા. ત્યારે તેમની પત્નીનું પર્સ સ્ટેજ સામે પડેલી ખુરશી પર મુક્યું હતું.


150 YEARS OF CELEBRATING THE MAHATMA

સત્યમેવ જયતે ગુજરાત સરકાર

550

Gujarat Tourism



શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન, ભારત

૫૫૦ વર્ષ
શ્રી ગુરુ નાનક દેવજી
'પ્રકાશ-પર્વ' મહોત્સવ

તારીખ : ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ | સમય : સાંજે ૫:૦૦ વાગે

પધારવા આપને ભાવભર્યું નિમંત્રણ છે.



શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

:: વિશેષ કાર્યક્રમો ::
● ધાર્મિક સમાગમ :- (૧) સ્વર્ણ મંદિરના કીર્તનકારો દ્વારા (૨) સર્વ ધર્મના ધર્મગુરુઓ દ્વારા શીખ ધર્મ અંગે વિચારો
● સાંસ્કૃતિક સામાજિક કાર્યક્રમો, ● કીર્તન દરબાર, ● ગતકા-શીખ માર્શલ આર્ટ, ● ફ્રી આઈ ચેક-અપ કેમ્પ

:: ઉદ્દઘાટક ::
શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

:: મુખ્ય અતિથિ ::
શ્રી નીતિનભાઈ પટેલ
નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

:: વિશેષ કાર્યક્રમો ::
● 'ગગન મૈ થાલ' ('મંચ-રંગમંચ' અમૃતસર દ્વારા આયોજિત) (ગુરુ નાનક દેવજીના જીવન અને ઉપદેશો પર આધારિત રંગમંચ કાર્યક્રમ)
● સમગ્ર કાર્યક્રમ દરમિયાન અતૂટ લંગર,
● સ્વૈચ્છિક રક્તદાન શિબિર,
● ધાર્મિક - સાંસ્કૃતિક કાર્યક્રમ સવારે ૫-૩૦ થી રાત્રે ૯-૩૦ સુધી

સ્થળ : જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ, હેલમેટ સર્કલ, ૧૩૨ ફૂટ રીંગ રોડ, અમદાવાદ